# સંશોધન નિયામકશ્રીની કચેરી,
# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

વિષય: "યુનિવર્સિટી ખાતે રૂ.૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના જે સાધનો હાલમાં વપરાશ હેઠળ હોય તેનું છેલ્લા ત્રણ વર્ષનું વપરાશ રજીસ્ટર/લોગબુકની વિગતો" મોકલી આપવા બાબત.

સંદર્ભ: (૧) સરકારશ્રીના પત્ર ક્રમાંક: ગકવ-૧૨૨૦૧૪-૨૬૨૨-ક.ર. તા. ૧૬-૦૧-૨૦૧૫ અને
(૨) સરકારશ્રીના પત્ર ક્રમાંક: ગકવ-૧૨૨૦૧૪-૨૬૨૩-ક.ર. તા. ૧૬-૦૧-૨૦૧૫ અને

## - પરિપત્ર -

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓને જણાવવાનું કે, આયોજીત યોજનાઓની શિક્ષણ અને સંશોધન યોજનાઓમાં આગામી વર્ષ ૨૦૧૫-૧૬ના અંદાજપત્રમાં રૂ.૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના સાધનો માટે યોજનાના નિયંત્રણ અધિકારીશ્રીઓની માંગણી અનુસાર, રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત કરેલ હતા.

જે અન્વયે સંદર્ભિત સરકારશ્રીના પત્રો દ્વારા "યુનિવર્સિટી ખાતે રૂ.૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના જે સાધનો હાલમાં વપરાશ હેઠળ હોય તેનું છેલ્લા ત્રણ વર્ષનું વપરાશ રજીસ્ટર/લોગબુકની વિગતો" માંગેલ છે.

જેથી આપની કચેરીમાં ઉપલબ્ધ રૂ. ૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના તમામ સાધનોના વપરાશ અંગે સાધનવાર માહિતી "સાધનોના વપરાશ અંગેના રજીસ્ટર/લોગબુકના નિયત પ્રફોર્મા" માં તૈયાર કરી દિન-૫માં આ કચેરીને મોકલી આપવા વિનંતી છે. જેથી, આગામી વર્ષ ૨૦૧૫-૧૬માં નવા સાધનોની સરકારશ્રી પાસેથી મંજૂરી અંગેની ઘટતી કાર્યવાહી થઇ શકે.

ઉપરોકત માહિતીની સોફ્ટ કોપી ગુજરાતી શ્રુતિ ફોન્ટમાં planinganand@aau.in અને planinganand@yahoo.com પર મોકલી આપવાની રહેશે.

જા.નં. આકૃયુ/સંનિ/પી.૧/ ૧૪૯-૨૦ /૧૫
તા. ૬૯ /૦૧/૨૦૧૫

સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

નકલ સવિનય રવાના:
(૧) સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ ઘટતી કાર્યવાહી સારૂ.
(૨) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા પ્રસ્તુત માહિતિ દિન-૫માં મોકલી આપવા સારૂ.

નકલ રવાના:
માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ

By Fax

તાત્કાલિક

ક્રમાંક:-ગકવ-૧૨૨૦૧૪-૨૭૨૨-ક.૨
**ગુજરાત સરકાર**
કૃષિ અને સહકાર વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:- 16 JAN 2015

પ્રતિ,
સંશોધન નિયામકશ્રી,
કૃષિ યુનિવર્સિટી,
આણંદ/ જુનાગઢ/ નવસારી.

**વિષય:- સને ૨૦૧૫-૧૬ નવા સાધનો**
કૃષિ શિક્ષણ.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સને ૨૦૧૫-૧૬ માં કૃષિ શિક્ષણના નવા કાર્યક્રમો હેઠળ નોન-રીકરીંગ સાધનો ખરીદવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સંદર્ભે નીચે જણાવ્યા મુજબની સ્પષ્ટતાઓ કરવા વિનંતી છે.

(૧. નોન રીકરીંગ સાધનોની ખરીદી માટેનાં પુરતાં જસ્ટીફીકેશન આપવા.

(૨. યુનિવર્સિટીમાં સેન્ટ્રલ લેબોરેટરી બનાવવામાં આવેલ છે તેમાં અને અન્ય યોજનાઓમાં પણ આ જ પ્રકારના સાધનો યુનિવર્સિટી ખાતે ઉપલબ્ધ છે તો તેનો ઉપયોગ આ યોજનામાં કરી ન શકાય?

(૩. નોન રીકરીંગ સાધનો ખરીદવા માટે જે કિંમત સુચવેલ છે.તે ક્યા આધારે સુચવેલ છે? સુચવેલ કિંમત કરતાં ઓછી કિંમતે અન્ય કંપનીઓમાંથી આ જ પ્રકારની ફેસીલીટી ધરાવતાં સાધનો ખરીદી શકાય કે કેમ?

(૪. યુનિવર્સિટી ખાતે પાંચ લાખ કે તેથી વધુ કિંમતના સાધનો હાલમાં વપરાશ હેઠળ હોય તેનું છેલ્લાં ત્રણ વર્ષનું વપરાશ રજીસ્ટાર/ લોગબુકની વિગતો રજુ કરવી.

(૫. આ સાધનો ચાલુ વર્ષના બજેટમાં તાત્કાલિક ખરીદવા આવશ્યક છે કે કેમ?

Plan
16-1-15

(ડી.એન.પટેલ)
**સેક્શન અધિકારી**
કૃષિ અને સહકાર વિભાગ

P-1

Office of the Director
of Rasearch A.A.U., Anand.
16 JAN 2015
Inward No. 1761

**By Fax**

તાત્કાલિક

ક્રમાંક:-ગકવ-૧૨૨૦૧૪-૨૬૨૩-ક.૨

**ગુજરાત સરકાર**

કૃષિ અને સહકાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- 6 JAN 2015

પ્રતિ,

સંશોધન નિયામકશ્રી,

કૃષિ યુનિવર્સિટી,

આણંદ/ જુનાગઢ/ નવસારી.

**વિષય:- સને ૨૦૧૫-૧૬ નવા સાધનો**

કૃષિ સંશોધન.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે સને ૨૦૧૫-૧૬ માં કૃષિ સંશોધનના નવા કાર્યક્રમો હેઠળ નોન-રીકરીંગ સાધનો ખરીદવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સંદર્ભે નીચે જણાવ્યા મુજબની સ્પષ્ટતાઓ કરવા વિનંતી છે.

(૧. નોન રીકરીંગ સાધનોની ખરીદી માટેનાં પુરતાં જસ્ટીફીકેશન આપવા.

(૨. યુનિવર્સિટીમાં સેન્ટ્રલ લેબોરેટરી બનાવવામાં આવેલ છે તેમાં અને અન્ય યોજનાઓમાં પણ આ જ પ્રકારના સાધનો યુનિવર્સિટી ખાતે ઉપલબ્ધ છે તો તેનો ઉપયોગ આ યોજનામાં કરી ન શકાય?

(૩. નોન રીકરીંગ સાધનો ખરીદવા માટે જે કિંમત સુચવેલ છે? સુચવેલ કિંમત કરતાં ઓછી કિંમતે અન્ય કંપનીઓમાંથી આ જ પ્રકારની ફેસીલીટી ધરાવતાં સાધનો ખરીદી શકાય કે કેમ?

(૪. યુનિવર્સિટી ખાતે પાંચ લાખ કે તેથી વધુ કિંમતના સાધનો હાલમાં વપરાશ હેઠળ હોય તેનું છેલ્લાં ત્રણ વર્ષનું વપરાશ રજીસ્ટાર/ લોગબુકની વિગતો રજુ કરવી.

(૫. આ સાધનો ચાલુ વર્ષના બજેટમાં તાત્કાલિક ખરીદવા આવશ્યક છે કે કેમ?

(ડી.એન.પટેલ)

**સેક્શન અધિકારી**

કૃષિ અને સહકાર વિભાગ

Office of the Director
of Research A.A.U., Anand.
16 JAN 2015
Inward No. 17612